@kkm1940 www.kkmtrust.org

કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 K.K.M
शिक्षा • संस्कार • सेवा • सहयोग

Affordable Education For All


પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

સ્થાપના વર્ષ - ૧૯૪૦

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: હનવંત ઝાલા, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

ચિત્ર અને રંગ પૂરણી સ્પર્ધા



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર ધ્વારા તા ૧૬/૧૨/૨૦૨૩ ના રોજ 'ચિત્ર અને રંગ પૂરણી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધા કુલ ૬ વિભાગમાં યોજવામાં આવી, જેમાં બાલમંદિરથી કોલેજ સુધીના કુલ ૨૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં બાલમંદિરથી ધોરણ ૬ ના વિદ્યાર્થીઓએ રંગપૂરણી સ્પર્ધામાં અને ધોરણ ૭ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓએ ચંદ્રયાન, મારો પ્રિય તહેવાર અથવા મનપસંદ ચિત્ર એમ ત્રણમાંથી ગમતા વિષય પર ખુબજ સુંદર અને કલાત્મક ચિત્રો બનાવ્યા. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ બાળકો ચિત્ર ધ્વારા પોતાના વિચારો અભિવ્યક્તિ કરી શકે અને તે દિશામાં આગળ વધી શકે તે માટેની એક તક ઉભી કરવાનો હતો. આ સ્પર્ધાનો શુભારંભ મુખ્ય મહેમાનશ્રી વર્ષાબેન પંચાલ (પ્રમુખશ્રી, કપડવંજ નગર સેવા સદન)ના વરદ હસ્તે કરવામાં આવ્યો. સાથે તેમણે સ્પર્ધાને અનુરૂપ પ્રાસંગિક ઉદબોધન કર્યું. આ ઉપરાંત શ્રી અનંતભાઈ શાહ (મંત્રીશ્રી - કપડવંજ કેળવણી મંડળ), શ્રી યામિનીબેન પટેલ (આચાર્યશ્રી - માણેકલાલ દેસાઈ કિશોર મંદિર), શ્રી પ્રફુલભાઈ પટેલ (આચાર્યશ્રી - સી. એન. વિદ્યાલય) અને શ્રી દિલીપભાઈ ભાવસાર (કન્વીનરશ્રી - ચિત્ર સ્પર્ધા)એ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું.





શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર

પ્રાંત ઓફિસરશ્રી, મામલતદારશ્રી તથા ચીફ ઓફિસર એન્ટિક તાળાના પ્રદર્શનની મુલાકાતે





કપડવંજ હેરીટેજ સીટી પ્રોજેક્ટ અંતર્ગત તા. ૧૦/૧૨/૨૦૨૩ થી ૧૨/૧૨/૨૦૨૩ સુધી શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રમાં “ઐતિહાસિક તાળા અને ચીજ વસ્તુઓનું” પ્રદર્શન યોજવામાં આવ્યું. કપડવંજ કેળવણી મંડળના ઉપક્રમેઆ પ્રદર્શન યોજવાનો ઉદેશ્ય હતો કે કપડવંજ નગરના લોકો આવી ઐતિહાસિક ચીજ વસ્તુઓથી માહિતગાર થાય. આ પ્રદર્શનમાં ૩ ગ્રામથી લઈને ૪૨ કિલોના તાળા, કોતરણી કરેલા કળશ, જૂની ચલણી નોટો, દસ્તાવેજ અને સ્ટેમ્પ વગેરે વસ્તુઓ રાખવામાં આવી. કપડવંજ તાલુકાના હમીર પુર ગામમાં રહેતા ધર્માભાઇ ગોપાલભાઈ પટેલનો પરિવાર વર્ષોથી ઐતિહાસિક તાળા અને અન્ય જૂની ચીજ વસ્તુઓનો સંગ્રહ કરે છે. કપડવંજ કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓના ૪૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને નગરના વિવિધ અગ્રણીઓએ આ પ્રદર્શને નિહાળ્યું.

મંડળ પ્રાંગણમાં શરદોત્સ્વની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ ધ્વારા તા-27/10/23 ના રોજ શરદપૂનમ ની ઉજવણી કરવામાં આવી. જેમાં કપડવંજ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ પટેલ, મંત્રીશ્રી ગોપાલભાઈ, મંત્રીશ્રી અનંતભાઈ, દાણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર નીલાબેન પંડ્યા, કોષાઅધ્યક્ષ ગૌતમભાઈ, કપડવંજ કેળવણી મંડળના CEO મૌલિકભાઈ, આજીવન સભ્ય જે.ડી.પટેલ તેમજ દરેક સંસ્થાના વડાશ્રી તથા સ્ટાફમિત્રો અને તેમના પરિવારજનો, DLSS ના બાળકોએ ભેગા મળી શરદપૂનમની ઉજવણી કરી. આ ઉજવણીનો ઉદ્દેશ સંસ્થાના બધા કર્મચારીઓ અને તેમનો પરિવાર સાથે મળી ગરબા રમે તે હતો. દરેક સંસ્થા આરતીની થાળી સજાવીને માતાજીની આરતી ઉતારી હતી અને દરેક સંસ્થાએ પોતાનો ગરબો રજૂ કર્યો હતો. ત્યાર બાદ સામૂહિક ગરબાનો આંનદ માણ્યો હતો. તેમના ઉત્સાહમાં વધારો કરવા નિર્ણાયક પ્રેમાબેનશાહ અને નયનાબેન ગાડી દ્વારા ભાઈઓ અને બહેનોમાં પ્રથમ , દ્વિતીય અને તૃતિય નંબર આપવામાં આવ્યા હતા.

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર

કપડવંજ કેળવણી મંડળમાં સતત ત્રીજા વર્ષે ગરબા હરીફાઈનું આયોજન









કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા ગરબા હરીફાઈનું તા. ૨૨ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ આયોજન કરવામાં આવ્યું. ગરબા હરીફાઈના ત્રીજા વર્ષના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાનશ્રી અનિલભાઈ ગોસ્વામી (પ્રાંત અધિકારીશ્રી – કપડવંજ), અતિથિ વિશેષ તરીકે શ્રીમતી વર્ષાબેન પંચાલ (પ્રમુખ – કપડવંજ નગર સેવા સદન), શ્રીમતી કૈલાસબેન પ્રજાપતિ (ચીફ ઓફિસર – કપડવંજ નગર સેવા સદન), શ્રીમતી પ્રેમાબેન શાહ તથા કેળવણી મંડળના મંત્રી શ્રી અભિજિતભાઈ જોષી, શ્રી અનંતભાઈ શાહ, શ્રી ગોપાલભાઇ શાહ, કોશાધ્યક્ષશ્રી ગૌતમભાઈ પટેલ અને શ્રીમતી નીલાબેન પંડ્યા (ડાયરેક્ટરશ્રી - દાણી ફાઉન્ડેશન) ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો.

ગરબા હરિફાઇનો ઉદ્દેશ દરેક બાળક આપણી સંસ્કૃતિના પ્રાચીન ગરબા વિશે માહિતગાર થાય અને ઓપન વિભાગમાં કોઈ પણ ઉંમરની બહેનો ભાગ લઈ પોતાની અંદર રહેલી કળા બહાર લાવી શકે તે હતો.

આ હરીફાઈમાં ચાર (૪) વિભાગમાં કુલ ૨૨ ટીમોએ ભાગ લીધો. જેમાં વિભાગ –અ માં પ્રથમ સ્થાને શ્રી એસ. સી દાણી પ્રાયમરી શાળા, દ્વિતીય સ્થાને શ્રી માણેકલાલ દેસાઇ કિશોર મંદિર અને તૃતીય સ્થાને શ્રી એ. સી. શારદા મંદિરના વિદ્યાર્થીઓની ટીમ વિજેતા રહી. વિભાગ – બ માં પ્રથમ સ્થાને શ્રી માણેકલાલ દેસાઇ કિશોર મંદિર, દ્વિતીય સ્થાને અને તૃતીય સ્થાને શ્રી એસ. સી. દાણી પ્રાયમરી શાળાના વિદ્યાર્થીઓની ટીમ વિજેતા રહી. વિભાગ – ક માં પ્રથમ સ્થાને શ્રી એસ.સી. દાણી હાયર સેકન્ડરી શાળા, દ્વિતીય સ્થાને શ્રીમતી સી. ડી. ગાંધી હાયર સેકન્ડરી શાળા અને તૃતીય સ્થાને શ્રીમતી સી. ડી. ગાંધી સેકન્ડરી શાળાના વિદ્યાર્થીઓની ટીમ વિજેતા રહી. ઓપન વિભાગમાં પ્રથમ સ્થાને શ્રી શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, દ્વિતીય સ્થાને શ્રી એસ. કે શાહ (ચ્હા વાળા) કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ કોલેજ) અને તૃતીય સ્થાને શ્રી એમ. વી. પરીખ ઇ. મી. સ્કુલની ટીમ વિજેતા રહી.

ગરબા હરીફાઈના નિર્ણાયકશ્રી અશ્વિનભાઈ પટેલ તથા કૌશલભાઈ દશોરાએ તેમના મંતવ્યમાં જણાવ્યુ કે હરીફાઈના ત્રીજા વર્ષમાં સ્પર્ધકોની સંખ્યા અને પર્ફોમન્સની ગુણવત્તામાં ઘણો સુધારો થયો છે, જે ખૂબ જ આનંદની વાત છે, કપડવંજ કેળવણી મંડળ વિદ્યાર્થીઓને આ પ્રકારનું પ્લેટફોર્મ પૂરું પાડે છે એ ઘણું સરાહનીય છે.

શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ

વિદ્યાર્થીઓ દ્વારા રામલીલાનું ભવ્ય આયોજન





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી. ડી.ગાંધી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં વિદ્યાર્થીઓએ દ્વારા રામલીલા પ્રસ્તૃત કરવામાં આવી. આ પ્રવૃત્તિમાં ગીત દ્વારા સમગ્ર રામાયણની શરૂઆતથી અંત સુધીનો સાર બતાવવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિનો હેતુ બાળકોને રામાયણ અને રામ ભગવાન વિશે સમજૂતી આપવાનો હતો.

ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે ની ઊજવણી



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.ડી.ગાંધી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તારીખ ૭/૧૧/૨૦૨૩ ના મંગળવારે 'ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે' ઉજવવામાં આવ્યો હતો. તેમાં ૪૦ જેટલા દાદા- દાદીઓએ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. દાદા-દાદીનું સન્માન કરવું, દાદા-દાદીને તેમના બાળકોની સ્કૂલ જોવાની તક આપવી અને બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં થતી પ્રવૃત્તિથી માહિતગાર કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્યારના આધુનિક જમનામાં જ્યારે વિભક્ત કુટુંબ થઈ ગયા હોવાથી બાળકોને દાદા દાદીનો પ્રેમ અને હુંફ મળતા નથી ત્યારે શાળાના આ એક નાનકડા પ્રયાસથી બાળકને ગ્રાન્ડ પેરેન્ટ્સનું મહત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિત વડીલોએ પણ મુક્ત મને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હર્ષના આંસુ સાથે શાળાની આ ઊજવણીને બિરદાવી હતી. શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહવા માટે વડીલોનો આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી એમ.વી.પરીખ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ (નર્સરી)

નાના ભૂલકાઓ બન્યાં સમાજના વ્યવસાયકારો



બાળકો સમાજના વિવિધ વ્યવસાયકારોથી માહિતગાર થાય તે માટે શાળામાં તારીખ: 4/ 11/ 2023 ને શનિવારના રોજ શાળાના બાળકો વિવિધ વ્યવસાયકારોના પાત્રો જેવા કે, ડૉક્ટર, નર્સ, ખેડૂત, મિલ્ક મેન, ડ્રાઈવર, પ્લમ્બર, ફેશન ડીઝાઇનર, પોલીસમેન વગેરે બનીને આવ્યા હતા. બાળકોએ પોતાની કામગીરી અને ઓજારો બતાવી સુંદર રીતે તેમની કાલી ઘેલી ભાષામાં રજૂઆત કરી હતી. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

બાળકોને સ્વચ્છતા વિશે માહિતી



શાળામાં "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત શિક્ષકો દ્વારા બાળકોને સ્વચ્છતા વિશેની માહિતી આપવામાં આવી, તેમજ કચરો હંમેશા કચરાપેટીમાં જ નાખવો જોઈએ તે સમજાવવામાં આવ્યું.

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ

ગ્રાન્ડ પેરેન્ટ્સ ડેની ઉજવણી







કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી. એમ .વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ (નર્સરી) સ્કુલમાં તારીખ:12/12/23 ને મંગળવારના રોજ "ગ્રાન્ડ પેરેન્ટ્સડે" ની ઉજવણી કરવામાં આવી હતી. દાદા - દાદી તેમના બાળકોની સ્કૂલથી પરિચિત થાય તેમજ શાળામાં ચાલતી શિક્ષણ કેળવણી, રમત-ગમત અને તેમના સર્વાંગી વિકાસની માહિતી મળી રહે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ 500 જેટલા દાદા-દાદી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં "ઇકો ફ્રેન્ડલી" ના કોન્સેપ્ટને ધ્યાનમાં રાખી આખું ડેકોરેશન પેપરની બનાવટથી જ કરવામાં આવ્યું હતું. ગ્રાન્ડ પેરેન્ટ્સ માટે ડ્રેસ કોડ રાખવામાં આવ્યો.સાથે સેલ્ફી ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમજ આવેલ વડીલો માટે વિવિધ રમતો અને પ્રવુત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દાદા દાદીએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી એમ.વી. પરીખ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ

ગ્રીન ડે ની ઉજવણી





શ્રી સ્પંદન બાલ મંદિરમાં પાલતુ પ્રાણીઓનો ગેલેરીવોક



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાંપ્રત્યક્ષ શિક્ષણના ભાગરૂપે પાલતુ પ્રાણીઓનો ગેલેરી વોક કરવામાં આવ્યો જેમાં બાળકોને પાલતુ પ્રાણીઓની સમજ તથા તેમના રહેઠાણ, ખોરાક, અને કાર્યો વિશે સમજ આપવામાં આવી.

શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ

શિક્ષક દિનની ઉજવણી



શિક્ષક અને સડક બંને સરખા.....

પોતે ત્યાંના ત્યાં જ રહે છે પણ બીજા અનેકને મંઝિલ સુધી પહોંચાડે છે.

બાળકોમાં તેમના ગુરુઓ પ્રત્યે આદર્શ ભાવના કેળવાય, વિદ્યાર્થીઓમાં સ્વયં શાસનના મૂલ્યોની ભાવના આવે તે હેતુથી શ્રી એસ સી દાણી પ્રાયમરી સ્કૂલમાં તા:14/12/2023 ગુરૂવારના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ 7 અને 8 ના કુલ 55 વિદ્યાર્થીઓ બાળ ગુરુઓ બન્યા હતા. શાળાના આચાર્ય તરીકે ધોરણ 8 ની વિદ્યાર્થિની પરમાર દિશા નરસિંહ અને ઉપ આચાર્ય તરીકે પટેલ જીયા વિરેશભાઈની પસંદગી કરવામાં આવી હતી. આખો દિવસ પિરિયડ પદ્ધતિથી છ તાસ લેવામાં આવ્યા હતા. જેમાં બાળ શિક્ષકોએ શિક્ષણ આપ્યું હતું. વર્ગખંડમાં બાળકોએ ખૂબ જ શાંતિ પૂર્ણ રીતે શિસ્તનું પાલન કર્યું હતું. છેલ્લા બે તાસમાં જે બાળકો શિક્ષકો બન્યા હતા તેમના ભાવ પ્રતિભાવ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પાત્ર લીધેલ શિક્ષકોએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

શાળામાં લોખંડી પુરુષની જન્મજયંતિની ઉજવણી



ભારતના પહેલા ગૃહ મંત્રી અને ઉપપ્રધાન મંત્રી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલે દેશને આઝાદી અપાવવામાં તેમજ 562 રજવાડા અને બ્રિટિશ રાજ વખતની રિયાસતો એકત્રિત કરી એક અખંડ ભારતના નિર્માણનું બીડું ઝડપ્યું હતું અને તેથી જ તેઓ અખંડ ભારતના શિલ્પી કહેવાયા. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે શ્રી એસ.સી.દાણી શાળામાં ઉજવણી કરવામાં આવી.